Local Government
OMBUDSMAN

**કાઉન્સિલને ફરિયાદ કરી છે?**
**હજુ સંતોષ નથી થયો?**

કાઉન્સિલ અને અન્ય સત્તાઓ વિશે કરવામાં આવેલ ફરિયાદોની તપાસ Local Government Ombudsman (સ્થાનિક સરકારી ઓમ્બડ્ઝમેન) કરે છે. આ એક મફત સેવા છે. અમારું કાર્ય ફરિયાદોને યોગ્ય અને સ્વતંત્ર રીતે તપાસવાનું છે – અમે કોઇનો પક્ષ લેતાં નથી.

જો તમને કાઉન્સિલ સેવા સાથે સમસ્યા હોય, તો પ્રથમ તમારે કાઉન્સિલને ફરિયાદ કરવી જોઇએ. પરંતુ જો હજુ તમને સંતોષ ન થયો હોય, તો અમે તમને મદદ કરી શકીએ છીએ.0845 602 1983 પર Advice Team (સલાહ ટીમ)ને કોલ કરો.

ટેલિફોન પર ભાષાંતર સેવા ઉપલબ્ધ છે – જો તમારે તેનો ઉપયોગ કરવાનો હોય તો કૃપા કરી સલાહકારને જણાવો. દુભાષિયા દ્વારા, સલાહકાર તમને સાંભળશે અને જો અમે તમારી ફરિયાદ ધ્યાને લઇ શકીશું તો તમને જણાવશે. જો અમે તમારી ફરિયાદ ધ્યાને લઇ શકીશું, સલાહકાર માહિતી લેશે, અમારી ભૂમિકાની સ્પષ્ટતા કરશે અને હવે શું થશે તે તમને જણાવશે.

## અમે શું કરી શકીએ

નીચે જણાવેલ લગભગ કાઉન્સિલ સેવાઓ વિશેની ફરિયાદોને અમે તપાસી શકીએ:

- હાઉસિંગ
- આયોજન
- શિક્ષણ
- સામાજિક સંભાળ
- હાઉસિંગ બેનિફિટ
- કાઉન્સિલ ટેક્સ
- ગેર-સામાજિક વર્તન
- પર્યાવરણ અને કચરો

જો અમને જણાય કે કાઉન્સિલે કંઇ ખોટું કર્યું છે, અમે બાબતને ઠીક કરવાનો પ્રયાસ કરીશું.

## અમે શું ન કરી શકીએ

કાઉન્સિલે શું કર્યું તેના વિશે સામાન્ય રીતે અમે પ્રશ્ન પૂછતાં નથી કારણ કે તમે તેની સાથે સંમત નથી. કાઉન્સિલ દ્વારા કંઇક ભૂલ થઇ છે. જો લાયક મંડળ તેનાં પર કાર્ય કરતુંટ હોય, તો પણ અમે ફરિયાદ વિશે તપાસ કરીશું નહીં.